# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
# નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
## સરકારી કુમાર/કન્યા છાત્રાલયોમાં વિના મૂલ્યે પ્રવેશ મેળવવા અંગે ઓનલાઈન અરજીઓ મેળવવાની જાહેરાત વર્ષ ૨૦૨૨-૨૩

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (બક્ષીપંચ) અને આર્થિક રીતે પછાત વર્ગોમાં મેડીકલ, એન્જીનીયરીંગ, ફાર્મસી ડિગ્રી, ડિપ્લોમાં, આર્ટસ અને કોમર્સના સ્નાતક, અનુસ્નાતક તેમજ ધો.૧૧-૧૨ ના તમામ પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની પૂરતી તક આપવાના હેતુ માટે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા સરકારી છાત્રાલયોની સવલત આપવામાં આવે છે. જે સરકારી છાત્રાલયોની યાદી **esamajkalyan.gujarat.gov.in** ઉપર ઉપલબ્ધ છે. આ સરકારી છાત્રાલયોમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્રવેશ મેળવવાની ઇચ્છા ધરાવતાં અને સરકારશ્રીએ ઠરાવેલ માપદંડોની પાત્રતા ધરાવતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ પાસેથી પ્રવેશ માટે **esamajkalyan.gujarat.gov.in** પર તા.૧૬/૬/૨૦૨૨ થી તા.૩૧/૭/૨૦૨૨ સુધી ઓનલાઈનથી અરજીઓ મંગાવવામાં આવે છે.

1. સરકારી છાત્રાલયમાં ફ્રેશ અને રીન્યુઅલ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવા માટેની અરજી ઓનલાઈન જ કરવાની રહેશે. અરજી સાથેના જરૂરી પ્રમાણપત્રો પણ ઓનલાઇન જ અપલોડ કરવાના રહેશે.
2. પ્રવેશની અરજી કરનાર ફ્રેશ વિદ્યાર્થીએ વાર્ષિક પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ ગુણ અને રીન્યુઅલ વિદ્યાર્થીએ વાર્ષિક પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇશે.
3. રીન્યુઅલ વિદ્યાર્થીને ગત વર્ષની વાર્ષિક પરિક્ષાનું પરિણામ ન આવેલ હોય તો સેમીસ્ટર-૩/૫ નુ પરિણામ રજૂ કરવુ પડશે. જે ધ્યાને લઈ છાત્રોને કામચલાઉ પ્રવેશ આપવામાં આવશે. ત્યારબાદ સેમીસ્ટર-૪/૬ નું પરિણામ નિયત કરવામાં આવેલ ગુણની ટકાવારી મુજબ હશે તો જ ફાઈનલ પ્રવેશ આપવામાં આવશે.
4. પ્રોવિઝનલ મેરીટ યાદી પ્રસિધ્ધ થયેથી મેરીટ યાદીમાં આવેલ છાત્રોએ સંબંધિત સરકારી છાત્રાલય ખાતે અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે. જો કોઈ અરજદારની ઓનલાઈન ફોર્મમાં ભરેલ પરીક્ષાના ગુણની ટકાવારી અને અસલ માર્કશીટની ટકાવારીમાં તથા લાયકાત અંગેના પ્રમાણપત્રોમાં તફાવત જણાશે તો તેવા અરજદારોને પ્રવેશ આપવામાં આવશે નહિં.
5. અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજીના આધારે પ્રવેશ અંગેનો હક્ક દાવો કરી શકશે નહિં. પ્રવેશ અંગેની અંતિમ યાદી સરકારશ્રીના આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ તેમજ સરકારશ્રી દ્વારા નક્કી કરેલા નિયમોના આધારે છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવશે.
6. સરકારી છાત્રાલયના પ્રવેશ અંગેના નિયમો તેમજ વધુ વિગતો ઉક્ત વેબસાઈટ પર દર્શાવેલ છે. જેનો સંપુર્ણ અભ્યાસ કરી છાત્રોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ સરકારી છાત્રાલય અંગેની વિશેષ માહિતી જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિકસતી જાતિ)ની કચેરીમાંથી પણ મળી રહેશે.
7. સરકારી છાત્રાલયોમાં પ્રવેશ માટે છાત્રાલયના મકાનની ક્ષમતા અને માન્ય સંખ્યા ધ્યાને લઈ નિયમોનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અતિ પછાત, વધુ પછાત, વિચરતી અને વિમુક્ત, આર્થિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર પેટા અનામત (Subquota) મુજબ બેઠકો ફાળવવામાં આવે છે. જેમાં, સૌપ્રથમ રીન્યુઅલ વિદ્યાર્થીઓને નિયમોનુસાર પ્રવેશ આપ્યા બાદ મકાનની ક્ષમતા અને માન્ય સંખ્યાને ધ્યાને લઈ ખાલી રહેતી જગ્યાઓમાં નિયમોનુસાર ફ્રેશ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.
8. કુમાર તથા કન્યા છાત્રો માટે આવક મર્યાદા વાર્ષિક રૂ.૨.૫૦ લાખ રહેશે. કન્યા છાત્રો માટે ઓછી આવકવાળાને અગ્રતા આપવાની રહેશે.

( એન.એ.નિનામા IAS )
નિયામક,
વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સ્થળઃ- ગાંધીનગર
તારીખઃ- /૬/૨૦૨૨